‘તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દૂંગા’ : સુભાષચંદ્ર બોઝ

સુભાષચંદ્ર બોઝ, જેમને પ્રેમથી નેતાજી તરીકે ઓળખવામાં આવે છે, તે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતાઓમાંના એક હતા. મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામની સફળતા માટે ખૂબ જ શ્રેય મેળવ્યો હોવા છતાં સુભાષચંદ્ર બોઝનું યોગદાન પણ ઓછું નથી. તેમણે ભારતમાંથી બ્રિટીશ સામ્રાજ્યને સત્તાથી ઉથલાવવા માટે આઝાદ હિન્દ ફૌજ (ઈન્ડિયન નેશનલ આર્મી) ની સ્થાપના કરી હતી.

સુભાષચંદ્ર જાનકીનાથ બોઝનો જન્મ ૨૩ મી જાન્યુઆરી, ૧૮૯૭ ના રોજ ઓરિસ્સાના કટક ખાતે થયો હતો. તેમના પિતા જાનકી નાથ બોઝ પ્રખ્યાત વકીલ હતા અને માતા પ્રભાવતી દેવી એક સામાજિક કાર્યકર હતા. સુભાષચંદ્ર બોઝ નાનપણથી જ એક તેજસ્વી વિદ્યાર્થી હતા. તેમણે ૧૯૧૩ માં મેટ્રિકની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યું હતુ. ત્યારબાદ ૧૯૧૮ માં કલકત્તાની સ્કોટ્ટીશ ચર્ચ કોલેજમાંથી બી.એ. ઈન ફિલોસોફીમાં પ્રથમ વર્ગ મેળવ્યો હતો.

સુભાષચંદ્ર બોઝ સ્વામી વિવેકાનંદના ઉપદેશોથી ખૂબ પ્રભાવિત હતા. માતાપિતાની ઈચ્છાને પૂર્ણ કરવા માટે તેઓ ઈન્ડિયન સિવિલ સર્વિસીસની પરીક્ષા માટે ૧૯૧૯ માં ઈંગ્લેન્ડ ગયા હતા. ૧૯૨૦ માં તેઓ ઈન્ડિયન સિવિલ સર્વિસીસની સ્પર્ધાત્મક પરીક્ષામાં મેરિટના આધારે ચોથા સ્થાને આવ્યા હતા.

પ્રસંગસર

પ્રો. જીગર એસ. બારોટ

પરંતુ તે સમય દરમિયાન સુભાષચંદ્ર બોઝ જલિયાવાલા બાગ હત્યાકાંડથી ભારે વ્યથિત થયા હતા. તેથી તેઓ સિવિલ સર્વિસીસ એપ્રેન્ટિસશીપને અધવચ્ચેથી છોડીને ૧૯૨૧ માં ભારત પરત ફર્યા હતા. ભારત પરત આવ્યા પછી સુભાષચંદ્ર બોઝ મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ આવ્યા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાં જોડાયા. ગાંધીજીની સૂચના પર તેમણે દેશબંધુ ચિતરંજન દાસની નીચે કામ કરવાનું શરૂ કર્યું, જેમને તેઓએ પછીથી તેમના રાજકીય ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.

ટૂંક સમયમાં જ તેમણે પોતાની નેતૃત્વ શક્તિને બતાવવાની શરૂઆત કરી દીધી હતી. ૧૯૨૮ માં કોંગ્રેસ દ્વારા નિયુક્ત મોતીલાલ નહેરુ સમિતિએ વર્ચસ્વની સ્થિતિની તરફેણમાં ઘોષણા કરી હતી, પરંતુ જવાહરલાલ નહેરુની સાથે સુભાષચંદ્ર બોઝે તેનો વિરોધ કર્યો અને સ્વતંત્રતા યુનિયન બનાવવાની જાહેરાત કરી. સુભાષચંદ્ર બોઝને ૧૯૩૦ માં નાગરિક અનાદર આંદોલન દરમિયાન જેલમાં મોકલવામાં આવ્યા અને ત્યારબાદ ગાંધી-ઈરવિન કરાર પર હસ્તાક્ષર થયા બાદ ૧૯૩૧ માં તેમને જેલમુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે ગાંધી-ઈરવીન સમજૂતીનો વિરોધ કર્યો અને ખાસ કરીને ભગતસિંહ અને તેમના સાથીઓને ફાંસી આપવામાં આવી હતી ત્યારે નાગરિક અનાદર આંદોલનને સ્થગિત કરવાનો વિરોધ કર્યો હતો. સુભાષચંદ્ર બોઝની બંગાળ રેગ્યુલેશન હેઠળ ફરીથી ધરપકડ કરવામાં આવી. એક વર્ષ પછી તેમને તબીબી ગ્રાઉન્ડ પર મુક્ત કરીને ભારતથી યુરોપમાં દેશનિકાલ કરવામાં આવ્યા હતા. ભારત અને યુરોપ વચ્ચેના રાજકીય-સાંસ્કૃતિક સંપર્કોને પ્રોત્સાહન આપવા માટે તેમણે જુદી જુદી યુરોપિયન રાજધાનીઓમાં કેન્દ્રો સ્થાપવાનાં પગલાં લીધાં. ભારત પ્રવેશ પરના પ્રતિબંધને અવગણીને સુભાષચંદ્ર બોઝ ભારત પરત ફર્યા તેથી તેમને ફરી ધરપકડ કરીને એક વર્ષ જેલની સજા કરવામાં આવી. ૧૯૩૭ ની ચૂંટણીઓ પછી, કોંગ્રેસ સાત રાજ્યોમાં સત્તા પર આવી અને સુભાષચંદ્ર બોઝને મુક્ત કરવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધના વાદળો મંડરાતા હતા ત્યારે તેઓ બ્રિટિશરોને ભારત પરત સોંપવા માટે ૬ મહિનાનો ઠરાવ લાવ્યા અને જો બ્રિટિશરો નિષ્ફળ જશે તો મોટો બળવો થશે એવુ એલાન કર્યુ. તેમના આ કઠોર વલણનો ઘણો ખુબ વિરોધ થયો જેના કારણે તેમણે પ્રમુખ પદ પરથી રાજીનામું આપ્યું અને એક પ્રગતિશીલ જૂથ બનાવ્યું કે જેને ફોરવર્ડ બ્લોક તરીકે ઓળખવામાં આવે છે.

સુભાષચંદ્ર બોઝે હવે ભારતીય સંસાધનો અને માણસોનો ઉપયોગ કરવા સામે એક જન આંદોલન શરૂ કર્યું હતું. તેમના આહવાનને જોરદાર પ્રતિસાદ મળ્યો તેથી કલકત્તામાં તેમને નજરકેદ કરવામાં આવ્યા. જાન્યુઆરી ૧૯૪૧ માં સુભાષચંદ્ર બોઝ કલકત્તા સ્થિત તેમના ઘરેથી ગાયબ થઈ ગયા અને અફઘાનિસ્તાન થઈને જર્મની પહોંચ્યા. ‘દુશ્મનનો દુશ્મન મિત્ર હોય છે’ તે કહેવત પ્રમાણે તેમણે બ્રિટિશ સામ્રાજ્ય સામે જર્મની અને જાપાનનો સહયોગ માંગ્યો. જુલાઈ ૧૯૪૩ માં તેઓ જર્મનીથી સિંગાપોર આવ્યા અને ભારતીય સ્વતંત્રતા ચળવળના લડવૈયા રાશ બિહારી બોઝ અને ભારતીય કેદીઓ સાથે મળીને ‘‘આઝાદ હિન્દ ફૌજ’’ (ઈન્ડિયન નેશનલ આર્મી) ની સ્થપના કરી. આઈએનએમાં બોઝે લગભગ ૫૫ હજાર જેટલા સશસ્ત્ર સૈનિકોની ફોજ તૈયાર કરી હતી. જ્યા તેમને આર્મી દ્વારા નેતાજી તરીકે બિરદાવવામાં આવ્યા હતા. આઝાદ હિંદ ફોજ ભારતને બ્રિટિશ શાસનમાંથી મુક્તિ અપાવવા ભારત તરફ આગળ વધી અને બર્મા બોર્ડરને પાર કરીને ૧૮ માર્ચ, ૧૯૪૪ ના રોજ ભારતીય ભૂમિ પર પહોંચી. જો કે બીજા વિશ્વ યુદ્ધમાં જાપાન અને જર્મનીની હારને કારણે આઝાદ હિન્દ ફૌજે પીછેહઠ કરવાની ફરજ પડી અને તેઓ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શક્યા નહીં.

સુભાષચંદ્ર બોઝ ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ તાઈવાન પર હવાઈ દુર્ઘટનામાં માર્યા ગયા હોવાના અહેવાલ મળ્યા હતા પરંતુ તેમના વિશે વધારે માહિતી હજુ સુધી મળી શકી નથી.

વિપીએમપી પોલીટેક્નીકના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ્સ એનાયત

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી દ્વારા યોજાયેલા ૧૮મા પદવીદાન સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલીત વિપીએમપી પોલીટેકનીકના બે વિદ્યાર્થીઓ પટેલ હિરેન (મિકેનીકલ ઈજનેરી વિદ્યાશાખા) અને શૈલી મિસ્ત્રી (કોંમ્પ્યુટર ઈજનેરી વિદ્યાશાખા)ને રાજ્યના રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, યુનિવર્સીટીના કુલપતિશ્રી અને અન્ય આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા, જે સંસ્થા માટે ગૌરવ અને હર્ષની બાબત છે. બંને વિદ્યાર્થીઓએ છેલ્લા વર્ષમાં અનુક્રમે ૧૦ માંથી ૧૦ એસ.પી.આઈ. અને ૯.૯૬ અને ૯.૮૬ સી.પી.આઈ. પ્રાપ્ત કરેલ છે. સંસ્થાના ચેરમેનશ્રી અને અધ્યાપકગણ બંને વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવે છે. આ સાથે ઉલ્લેખનીય છે કે ‘કર ભલા હોગા ભલાલ્લના સૂત્રને મૂર્તિમંત કરતા આ સંસ્થા દર વર્ષે જીટીયુ દ્વારા લેવાનાર વાર્ષિક પરિક્ષાના પરિણામમાં સમગ્ર રાજ્યકક્ષાએ એક થી દસ ક્રમમાં આવીને પોતાની ગુણવત્તા જાળવી રાખેલ છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

‘મેનેજિંગ એડવર્ટાઈઝીંગ ઈન કોર્પોરેટ’ વિષય પર વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના ૧૧૦ વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દી ના ઘડતર ને ધ્યાનમાં રાખી વર્કશોપ ની શૃંખલા નું આયોજન કરવા માં આવી રહ્યું છે. જેમાં આજ ના વર્કશોપ માં તૃતીય વર્ષ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા આજ ના કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે ડો.સીમા હરીરામાની હતા. જેઓ ને કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા આવકારવા માં આવ્યા હતા. ત્યારબાદ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેંટ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા આજના વક્તા નો પરિચય આપવા માં આવ્યો હતો તેમજ અને વિદ્યાર્થીઓ ને આજના વિષય બાબતે સજ્ઞ કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ ને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. કોલેજ તરફ થી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવા માં આવ્યા હતા. તેમજ તેમનો પરિચય આપ્યો હતો.આજના તજજ્ઞ વક્તા

પ્રોફેશનલ ટ્રેનર તરીકે પણ તાલીમ આપે છે. તેઓ દ્વારા એડવર્ટાઈઝ મેનેજમેંટ બાબતે વિદ્યાર્થીઓ ને સચોટ માર્ગદશન આપવા માં આવ્યું હતું.જેમાં પ ર નો અર્થ રસપ્રદ રીતે સમજાવવા માં આવ્યો હતો. તેઓ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિ નો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેય ને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકેતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને માર્કેટિંગ ક્ષેત્ર માં કારકિર્દી ઘડવા માટે પહેલા થી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ. તેમજ તેમને જેમાં રૂચી હોય તેમાં આગળ વધવું જોઈ એ બીજાની સફળતા કે સલાહ મુજબ પોતે પણ શ્રેષ્ઠ કારકિર્દી નું ઘડતર કરશે તેમ સમજવા ના બદલે પોતાની આંતરિક શક્તિ ને ઓળખી મેનેજમેન્ટ ના ઉપરોક્ત જણાવેલા કોઈપણ ક્ષેત્ર ને પસંદગી કરવી જોઈએ વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામા ક્ષેત્રમાં ખુબ ઉજવળ તકો છે.

પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતર નો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. સાથે સાથે તેમને જણાવ્યું હતું. કે તેઓ બીબીએ ના વિદ્યાર્થીઓને ઉપરોક્ત ત્રણ માંથી કોઈપણ ક્ષેત્રમાં ઈન્ટર્નશીપ તેમજ જોબ પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે.વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે આ વર્કશોપ તેઓ ને કારકિર્દી ના ઘડતર માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના,ડો આશિષ ભુવા, ડો.પ્રજ્ઞેશ નવલખા,ડો.અમિતા પ્રજાપતિ, ડો માર્ગી દેસાઈ,ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

કોરોના રસીકરણ જાગૃત્તિના સંદર્ભે સર્વેક્ષણની કામગીરી શારીરિક શિક્ષણ વિભાગના રાસેયો સ્વય સેવક કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયં સેવકો ગામ અને શહરી વિસ્તારમાં રસીકરણ જાગૃત્તિ અભિયાનમાં સર્વેક્ષણની કામગીરી પણ કરી રહ્યા છે વિશેષમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા આપેલી માહિતીના આધારે બનાવેલી ૨૬ પ્રશ્નોની પ્રશ્નોત્તરી દ્વારા લોકોનો મંતવ્ય જાણવાની કામગીરી કરી રહ્યા છે ભારત સરકારના સ્વાસ્થય મંત્રાલય દ્વારા કઈ રીતે આવતા સમયમાં કોરોના મહામારીથી બચવા માટે રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે તેની વિસ્તૃત માહિતીના આધારે સરકારશ્રી દ્વારા બનાવેલી પ્રશ્નાવલીથી લોકોનો કોરોના મહામારીની વેકસીન પ્રત્યે શું વલણ છે તે જાણવાની માહિતી એકત્રિત કરી રહ્યા છે અને રાષ્ટ્રોય સેવા યોજના એકમના સ્વયં સેવક ભારત દેશના વૈજ્ઞાનિકોની કઠોર મેહનત પછી ભારતમાં નિર્મિત કોવિશિલ્ડ અને કોવેક્સિન રસી કેવી રીતે અને કયા વર્ગના

લોકોને પ્રથમ ચરણમાં આપવામાં આવશે અને પછી કેવી રીતે વિવિધ ચરણોમાં ભારત દેશના લોકોને વિશેષમાં ગુજરાત રાજયમાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે.

તેની માહિતીના આધારે સ્વાસ્થય મંત્રાલય દ્વારા બનાવેલી માર્ગદર્શિકા પ્રમાણે બનેલી પ્રશ્નાવલીથી લોકોના અભિપ્રાયો જાણી રહ્યા છે અને તેમની મનમાં આવેલા વિવિધ પ્રશ્નોના સંતોષજનક જવાબ આપી રહયા છે જેમાં વિશેષ ગૌરવ બાલ્યાન અમદાવાદ અને મોટેરા વિસ્તારમાં સઘન રીતે કોરોના મહામારીની રસીકરણ જાગૃત્તિ અભિયાનના સંદર્ભમાં બનાવેલી પ્રશ્નાવલીથી લોકોના અભિપ્રાયો જાણી અને તેની માહિતી ભેગી કરી રહ્યા છે અને આ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી પ્રવૃત્તિના આયોજનમાં ગૂજરાત વિધાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડૉ. અરુણભાઈ ગાંધી અને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના ડીનશ્રી પ્રો. જગદીશચંદ્ર સાવલિયાનો માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો હતો કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું છે

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા બે વેબિનાર યોજાયા

ગુનાઓને શોધવામાં ફોરેન્સિક સાયકોલોજી મહત્ત્વનો ભાગ ભજવે છે : ડો. જે. એમ. વ્યાસ

ગાંધીનગર,તા. ૨૨

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગુરુવારે બે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ‘પરસ્યૂટ ઓફ હેપ્પિનેસઃ સાયન્સ, મોરાલિટી એન્ડ સ્પિરિચ્યૂઆલિટીલ્ન વિષય સાથે યોજાયેલા વેબિનારમાં વક્તા તરીકે જાણીતા ન્યૂરોલોજિસ્ટ પદ્મશ્રી ડો. સુધીર વી. શાહ અને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે વિદ્વત્તાસભર વક્તવ્ય આપ્યા હતા. તેમજ નવમા ‘ફોરેન્સિક સાયકોલોજી દિનલ્ન નિમિત્તે વિશિષ્ટ વેબિનાર પણ યોજાયો હતો.

જાણીતા ન્યૂરોલોજિસ્ટ પદ્મશ્રી ડો.સુધીર વી. શાહે માહિતીસભર વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે ‘માનવજાત દુઃખી છે, તેનું ચોક્કસ કારણ પણ છે. કારણ હોય તો તેનો ઉપાય પણ હોય. એ ઉપાય અજમાવવામાં આવે તો માનવ પરમ સુખને પામી શકે છે. વૈજ્ઞાનિક સંશોધન બાદ થયેલાં તારણો કહે છે કે ૮૦ ટકા રોગ Psychosomatic Disorder- માનસિક વિકારોને કારણે થાય છે. સામાન્ય રીતે મન ભૂતકાળ અને ભવિષ્યકાળ તરફ દોડાદોડ કરતું હોય છે, વર્તમાનમાં સ્થિર રહેતું નથી, તે પણ દુઃખનું એક કારણ છે. દુઃખનાં અન્ય કારણોમાં વિચારો-વૃત્તિ-વલણનો સમાવેશ થાય છે. આવા વિકારો-વિચારોથી બચવાનો ઉત્તમ ઉપાય ધ્યાન-યોગ-મનન છે.

ડો.સુધીર શાહે વૈજ્ઞાનિક સંશોધન અંગે થયેલા તારણો અંગેની માહિતી આપીને જણાવ્યું હતું કે ભવિષ્યમાં વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા પણ દુઃખનું નિવારણ થઈ શકશે. જેમ કે કોઈ ગુસ્સો કરતું હોય કે તણાવમાં હોય તેના ઉપર Antidopaminergic Sprayનો ઉપયોગ કરો તેનો ગુસ્સો-તણાવ તાત્કાલિક શાંત થઈ જશે. જિનેટિક



એન્જિનિયરિંગ-જિનેટિક એડિટિંગ દ્વારા ખ્રીહી પણ બદલી શકાશે અને Epigenetics(પોઝીટિવ થિંકિંગ-સત્કાર્યો-ધ્યાન) દ્વારા Geneનું Expression પણ બદલી શકાશે. Deep Brain Stimulation (DBS) સર્જરી દ્વારા દુઃખ-પીડાનો ઈલાજ કરી શકાશે. આ ઉપરાંત, મનોચિકિત્સકના કાઉન્સેલિંગ દ્વારા પણ તણાવ-ચિંતા દૂર થઈ શકે છે. જોકે, બાહ્ય પરિબળો દ્વારા આનંદ મેળવવો એ કાયમી ઉપાય નથી, પરંતુ પ્રાર્થના, ધ્યાન, યોગના દૈનિક અભ્યાસ, સ્વાધ્યાય, સત્સંગ, સંબંધોની માવજત, શારીરિક સ્વાસ્થ્ય, નૈતિક મૂલ્યોનું જતન, પરોપકારી જીવન, અહિંસા સાથેનું ધર્મનું પાલન વ્યક્તિને પરમ સુખ (Happiness) પ્રદાન કરી શકે છે.

આ પ્રસંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે માનવજીવનમાં પરાપૂર્વથી વિષાદ અને પ્રસન્નતાનો આંતરિક સંઘર્ષ ચાલતો રહ્યો છે. સામાન્ય રીતે લોકો દુન્યવી પદાર્થો દ્વારા સુખ-પ્રસન્નતાની ઈચ્છા રાખતા હોય છે. જોકે, વિષાદ એ સહજ માનવ સ્વભાવ નથી, પરંતુ પ્રસન્નતા એ સહજ સ્વભાવ છે. બાહ્ય પરિબળ વ્યક્તિને પ્રસન્નતા આપી શકતા નથી, મનની આંતરિક સ્થિતિ જ માનવને પ્રસન્નતા આપી શકે છે. માટે પ્રસન્નતા વ્યક્તિનો સ્વભાવ બની જવો જોઈએ. આ વેબિનારના અંતે આભારવિધિ કેમ્પસ ડાયરેક્ટર પ્રો. એસ. ઓ. જુનારેએ કરી હતી.

ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

સમર્પણ સ્કૂલ ઓફ લૉ ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સ્કૂલ ઓફ લો, સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ ગાંધીનગર ખાતે પ્રથમ વર્ષ એલ.એલ.બી.નો ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. દીપક પંડ્યા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

સમર્પણ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પી.કે. પંડ્યાએ વિદ્યાર્થીઓને કાયદાના અભ્યાસની વિશેષતાઓથી અવગત કરાવ્યા હતા. તેમજ કૉલેજના ફેકલ્ટી સ્ટાફ પ્રો. અનમોલ સિંહ અને પ્રો. સુનિતા ચૌહાણ એ અભ્યાસક્રમનો લગતી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

નવા વર્ષમાં એસકેસી કન્સલ્ટન્સી સ્ટાર્ટ-અપ્સને આપે છે ‘બિઝડમ’

એસકેસી કન્સલ્ટન્સી, ચીફ માર્કેટિંગ કમ્યુનિકેશન એડવાઈઝર સંજય ચક્રવર્તી દ્વારા સ્થાપવામાં આવી છે, જેઓ ૨૫ વર્ષનો માર્કેટિંગ કમ્યુનિકેશનનો અનુભવ ધરાવે છે.

ઈએસએસકેએસઈઈ કન્સલ્ટન્સી, (જેનો ઉચ્ચાર એસકેસી કન્સલ્ટન્સી છે) ઉદ્યોગસાહસિક રાજ્ય ગુજરાતના અમદાવાદ ખાતે આવેલી છે. આ એક ઈન્ટેલેક્ચ્યુઅલ એડવાઈઝરી ઍન્ડ કન્સલ્ટન્સી ફર્મ છે, જે સ્ટ્રેટેજિક માર્કેટિંગ કમ્યુનિકેશનના ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને કામ કરી રહી છે. કંપની ગુજરાતભરમાં આવેલી જુદી જુદી સંસ્થાઓને અનુભવી કુશળતા અને ચીવટભરી કન્સલ્ટન્સી/માર્ગદર્શન/સલાહની સેવાઓ પૂરી પાડે છે. કંપનીની નિપુણતા અને અનુભવ એડવર્ટાઈઝિંગ, બ્રાન્ડિંગ, સેલ્સ ઍન્ડ માર્કેટિંગ કમ્યુનિકેશનના ક્ષેત્રમાં છે. હવે વિવિધ ક્ષેત્રમાં ઉભરી રહેલાં સ્ટાર્ટ-અપ્સને પ્રોફેશનલ મદદ કરવા માટે, અત્યંત સફળ અને ખૂબ જાણીતી એસકેસી કન્સલ્ટન્સી પોતાની સેવાઓને તેના નવા ઈનિશિયેટિવ અને એક અલગ જ સ્ટ્રેટેજિક બિઝનેસ યુનિટ ‘બિઝડમલ્ન તરીકે વિસ્તારી રહી છે.

‘‘બિઝડમ’’ એક એવી પહેલ છે જેના દ્વારા નવાસવા શરૂ થયેલા સ્ટાર્ટ-અપને માર્ગદર્શન અને સલાહની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ અનોખો પ્રોગ્રામ સ્ટાર્ટ-અપ્સને તેમની માર્કેટિંગ અને કમ્યુનિકેશનની બાબતમાં અત્યંત વ્યૂહાત્મક હોય એવી બાબતોમાં મદદરૂપ બને છે.

બિઝનેસ સ્ટાર્ટ-અપ તરીકે કદાચ તમે એવી સ્ટ્રેટેજિક માર્કેટિંગ ઈનપુટ્સને સંબંધિત સવાલોથી ઘેરાયેલા હશો, જેના જવાબો આવનારા સમયમાં તમારા બિઝનેસ માટે સૌથી મહત્ત્વના સાબિત થાય. ઘણી વખત જોવામાં આવે છે કે કોઈ સ્ટાર્ટ-અપને સમજપૂર્વકનું દિશાસૂચન અને અનુભવી નિષ્ણાતની સલાહની જરૂર હોય છે પણ તેઓ આવી સલાહ ક્યાંથી મેળવવી તે જાણતા હોતા નથી અથવા તો તેઓ પ્રોફેશનલ/કન્સલ્ટન્ટની સેવા લઈ શકતા નથી. આવા સ્ટાર્ટ-અપ્સ માટે મેક્રો લેવલની મૂંઝવણોમાંથી રસ્તો શોધવામાં મદદ કરવા માટે અનુભવીનો અભિપ્રાય લેવો ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે. આ પ્રોગ્રામ તમારા પ્રશ્નોના વ્યૂહાત્મક ઉકેલ અને તમારી જિજ્ઞાસા સંતોષવા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવ્યો છે. ‘બિઝડમ’ પ્રોગ્રામ દ્વારા ખાસ સ્ટાર્ટ-અપ્સ માટેની કન્સલ્ટન્સી અને એડવાઈઝરી સેવાઓ, અનુભવી પ્રોફેશનલ્સની ખાસ ડિઝાઈન કરેલી સ્ટ્રક્ચર્ડ ફી મુજબ મેળવી શકાય છે. આવા કાઉન્સેલિંગ સેશન્સનો લાભ લેવા માટે તમે અમને info@bizdom.nét પર લખી જણાવી શકો છો.

જન્મદિને વધામણી

રમીલાબેન શાંતિલાલ ઘોઘારી
મો. ૯૯૨૫૦ ૪૩૭૪૦

પૃથ્વીરાજ શ્રીકાંત ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬

રમેશચંદ્ર કચરાભાઈ શ્રીમાળી
મો. ૯૪૨૮૮ ૧૪૨૪૬

દક્ષાબેન શુક્લ
મો. ૭૫૬૭૭ ૯૧૪૨૭

ઉષા જે ગજ્જર

ક્રિમા તલાટી
જસ્ટ મિરર બ્યુટી સલૂન એન્ડ એકેડેમી

પાર્થ સુથાર
મો. ૯૬૩૮૧ ૫૦૨૦૯

ધ્રુવીત જે દરજી
મો. ૯૪૨૮૧ ૫૧૮૨૨



માર્મી પ્રેરક જોષી
મો. ૮૮૬૬૯ ૮૨૦૮૨